## 1. ઉત્પાદનનો અર્થ આપી ઉત્પાદનનાં સાધનો વિશે ચર્ચા કરો.

- ઉત્પાદનનો અર્થ : માનવીની જરૂરિયાત સંતોષી શકે તે મુજબ વસ્તુ કે સેવાને ઉપયોગી સ્વરૂપ આપવું તે ઉત્પાદન છે. બીજી રીતે, ઉપયોગિતા ગુણ (તુષ્ટિગુણ)નું સર્જન કરવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન. દા. ત., રૂમાંથી કાપડ બનાવવાની પ્રક્રિયા ઉત્પાદન છે. ઉત્પાદનનાં સાધનો : તુષ્ટિગુણના સર્જનની પ્રક્રિયામાં મદદરૂપ થતી બાબતોને ઉત્પાદનનાં સાધનો કહે છે. ઉત્પાદનનાં મુખ્યત્વે ચાર સાધનો છે : (1) જમીન, (2) મૂડી, (3) શ્રેમ અને (4) નિયોજન. આ ચાર સાધનોની ચર્ચા નીચે મુજબ કરીશું :
- 1. જમીન : જમીનનો અર્થ : અર્થશાસ્ત્રની પરિભાષામાં 'જમીન' એટલે દરેક પ્રકારની કુદરતી સંપત્તિ. પૃથ્વીની સપાટી પર આવેલા જંગલો, નદીઓ, પર્વતો વગેરે. પૃથ્વીના પેટાળમાંની ખનિજસંપત્તિ તેમજ વાતાવરણમાંના પ્રાકૃતિક ઘટકો હવા, પ્રકાશ વગેરે દરેક પ્રકારની પ્રતિનિમિત સંપત્તિનો 'જમીન'માં સમાવેશ થાય છે. 'જમીન' એ કુદરતી બક્ષિસ છે.માનવસર્જિત સાધન નથી. મોટા ઉદ્યોગો માટેનો કાચો માલ 'જમીન' પૂરો પાડે છે. જમીનનાં લક્ષણો :

  (i) કુદરતી ભેટ : જમીન એ કુદરતી બક્ષિસ છે. તેથી તેનું ઉત્પાદન ખર્ચ શૂન્ય છે. જમીનના પુરવઠા ઉપર સંપૂર્ણ અંકુશ મેળવી શકાતો નથી, તેમજ તેનું નિમણિ કરી શકાતું નથી.

  (ii) સ્થિર પ્રમાણ : જમીનનો પુરવઠો કાયમી ધોરણે સ્થિર છે.તેમાં વધારો કે ઘટાડો કરવાનું મનુષ્ય માટે શક્ય નથી. તેથી માનવીએ બુદ્ધિપૂર્વકના આયોજન અને ટેક્નોલૉજી દ્વારા જમીનનો કાર્યક્ષમ ઉપયોગ કરવો જરૂરી છે.કે મનુષ્ય જંગલો, ખનિજો વગેરેનો ઉપયોગ કરી કુદરતી સંપત્તિમાં ઘટાડો કરી શકે છે, તો દરિયો પૂરીને અલ્પ પ્રમાણમાં જમીનનો પુરવઠો વધારી પણ શકે છે. લાંબા સમયગાળામાં કુદરતી સંપત્તિમાં આકસ્મિક ફેરફારો થઈ શકે છે.

  (iii) ગતિશીલતા : જમીનની ગતિશીલતા મર્યાદિત છે, જમીન ભૌતિક ગતિશીલતા ધરાવતી નથી, જેમ કે, કોલસાની ખાણ કે કોઈ ખેતરને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જઈ શકાતાં નથી.જમીન વ્યાવસાયિક ગતિશીલતા ધરાવે છે. જેમ કે, ખેતરની જમીન કારખાનાં માટે ઉપયોગમાં લઈ શકાય છે.

  (iv) અપાર વૈવિધ્ય : કાળ વપતા અને ઉપયોગિતાની દષ્ટિએ જમીનમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે, કચ્છના રણની જમીન અને પંજાબનાં મેદાનોની જમીનમાં ઘણી વિવિધતા છે.જમીનની ગુણવત્તા એ કસરખી હોતી નથી. જેમ કે, નાઈલ નદીની જમીન અને સહરાના રણની જમીન ગુણવત્તાની દષ્ટિએ એ કસરખી નથી.

  (V) વળતર : 'જમીનના ઉપયોગથી મળતા વળતરને 'ભાડું કહેવામાં આવે છે.
- 2. મૂડી : 'મૂડી'નો અર્થ : અર્થશાસ્ત્રની પરિભાષામાં 'મૂડી' એટલે ઉત્પાદનકાર્યમાં ઉપયોગી થતાં માનવસર્જિત ભૌતિક સાધનો. મૂડી નાણાકીય સ્વરૂપની પણ હોય છે. ઉત્પાદન કાર્ય માટે રોકવામાં આવેલાં કે ફાળવવામાં આવેલાં નાણાં મૂડી ગણાય. મૂડી'નાં લક્ષણો :

  (i) માનવસર્જિત સાધન : માનવશ્રમ અને કુદરતી સાધનોના સંયોજન દ્વારા માનવી મૂડીનું સર્જન કરે છે. લોકો પોતાની બચત ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં રોકી નાણાકીય મૂડીનું સર્જન કરે છે.

  (ii) ગતિશીલતા : મૂડી ઉત્પાદનનું સૌથી વધુ ગતિશીલ સાધન છે.છે તે ભૌગોલિક ગતિશીલતા ધરાવે છે. જેમ કે, ઉત્પાદન માટેના જરૂરી યંત્રો, નાણાં વગેરેની દૂરદૂરના સ્થળ સુધી હેરફેર થાય છે.કે તે વ્યાવસાયિક ગતિશીલતા ધરાવે છે. જેમ કે, એક કંપનીના શૈરોમાં રોકેલાં નાણાં પાછાં લઈ અન્ય કોઈ કંપનીના શેરોમાં રોકી શકાય છે.

(iii) વિનિમયપાત્રતા : મૂડીના ઉપયોગથી શ્રમિકોની કાર્યક્ષમતા વધે છે અને તેથી ઉત્પાદનમાં વધારો થાય છે. યંત્રોનો ઉપયોગ વધારવાથી શ્રમિકોની ઉત્પાદકતામાં વધારો થાય છે. કામ કરવાની ઝડપ વધે છે અને કામનો બોજો હળવો થઈ જાય છે. (iv) વળતર : મૂડીને મળતું વળતર 'વ્યાજ' કહેવાય છે.

- 3. શ્રમ : 'શ્રમ'નો અર્થ : અર્થશાસ્ત્રની પરિભાષામાં 'શ્રમ' એટલે વળતરની અપેક્ષાએ કરવામાં આવતી કોઈ પણ શારીરિક કે માનસિક કામગીરી.શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને ભણાવે તે શ્રમ ગણાય, પરંતુ ઘેર.પોતાના બાળકને ભણાવે તે શ્રમ નથી. 'શ્રમ'નાં લક્ષણો :

  (1) શ્રમ નાશવંત છે : 'શ્રમ'ભાવિ વપરાશ માટે સાચવી શકાતો નથી. શ્રમિક એક દિવસ કામ ન કરે, તો તેના એક દિવસના શ્રમનો નાશ જ થઈ જાય છે. શ્રમનો સંગ્રહ શક્ય ન હોવાથી શ્રમની સોદાશક્તિ નીચી રહે છે.

  (2) શ્રમ અને શ્રમિક અવિભાજ્ય છેઃ શ્રમને શ્રમિકથી જુદો પાડી શકાતો નથી. શ્રમિક એક જગ્યાએ રહે અને તેનો શ્રમ જ છુપાએ ઉપાદન-કાર્ય કરે એમ બની શકતું નથી. આમ, શ્રમ અને શ્રમિક એકમેકથી ભિન્ન છે.

  (3) દરેક પ્રમિકની કાર્યક્ષમતા જદી જુદી હોય છે કે એક જ પ્રકારનું કામ કરતા જુદા જુદા શ્રમિકોની કામ કરવાની ઝડપ અને તેમના કામમાં તફાવત જોવા મળે છે. શ્રમિકોની કાર્યક્ષમતા જુદી જુદી હોવાને કારણે કેટલીક વાર એક જે પ્રકારના કામમાં તેમના વેતનમાં તફાવતો જોવા મળે છે.

  (4) શ્રમ ગતિશીલ છે : શ્રમ ભૌગોલિક ગતિશીલતા ધરાવે છે.જેમ કે, રોજગારી માટે શ્રમિકો જુદા જુદા પ્રદેશોમાં પહેરાફેરી કરે છે. શ્રમ વ્યાવસાયિક ગતિશીલતા ધરાવે છે. જેમ કે, શાળાનો પટાવાળો ઉચ્ચ અભ્યાસ કરી સમય જતાં શિહો કે બની જાય, કુટુંબ પ્રત્યેની જવાબદારીઓ, ભાષાના પ્રશ્નો, શૈક્ષણિક લાયકાત, રહેણી કરણીના તફાવતો વગેરે કારણોને લીધે શ્રમની ગતિશીલતા ઘટે છે કે વધે પણ છે.

  (5) વળતરઃ અર્થશાસ્ત્રની પરિભાષામાં મજૂર હોય કે મૅનેજર બંને શ્રમિક છે. શ્રમને મળતું વળતર 'વેતન' કહેવાય છે.

- 4. નિયોજક :નિયોજકનો અર્થ : ઉત્પાદનનાં સાધનોનું સંયોજન કરનારને નિયોજક કહેવામાં આવે છે. નિયોજક ઉત્પાદન એકમ શરૂ કરે છે. અને તેના સંચાલન અંગેના મહત્ત્વના નિર્ણયો સ્વતંત્ર રીતે લે છે. ઉત્પાદક એકમના નફા-નુકસાનની સંપૂર્ણ જવાબદારી નિયોજકને શિરે રહે છે. નિયોજક ઉત્પાદનનાં સાધનો જમીન, મૂડી અને શ્રમને નિશ્ચિત વળતર આપે છે. પરંતુ તેનું વળતર નિશ્ચિત નથી. નિયોજકનાં લક્ષણો :

  (1) નિયોજક ઉત્પાદન એકમ અંગે આર્થિક નિર્ણયો કરે છે.

  (2) તે ઉત્પાદન -પ્રવૃત્તિમાં રહેલી અનિશ્ચિતતાઓ અંગે જોખમ ઉઠાવે છે,

  (3) તે નવી વસ્તુ, નવાં ક્ષેત્રો શોધી નવી ઉત્પાદન-પદ્ધતિ વિકસાવે છે.

  (4) તે વસ્તુમાં વૈવિધ્ય અને ગુણવત્તાનો લાભ ગ્રાહકોને આપે છે.

  (5) નિયોજકના વળતરને નફો કહે છે.

## 2. વ્યાપારચક્રના ચાર તબક્કા સમજાવો

- અર્થતંત્રમાં થતી આર્થિક ઊથલ-પાથલ વ્યાપારચક્ર છે, જે સમાન અંતરે ઉદ્ભવતું નથી. વ્યાપારચક્રના ચાર તબક્કા નીચે મુજબ છે :

1. તેજી : વ્યાપારચક્રના આ તબક્કામાં વ્યાપાર પ્રવૃત્તિ ઊર્ધ્વગામી હોય છે. વપરાશ અને માંગનું પ્રમાણ ઊંચું હોય છે. પરિણામે અર્થતંત્રમાં નફાનું પ્રમાણ ઊંચું હોય છે. મૂડીરોકાણ વધે છે, પરિણામે અર્થતંત્રમાં રોજગારીનો ઊંચો દર જોવા મળે છે.

2. ઓટ : વ્યાપારચક્રના આ તબક્કામાં વ્યાપાર પ્રવૃત્તિમાં ઘટાડો જોવા મળે છે. મૂડીરોકાણનો દર ઊંચો હોવાને લીધે ઉત્પાદનનાં સાધનોની માંગ વધતાં ઉત્પાદન-ખર્ચ વધે છે અને નફો ઘટતો જાય છે. અર્થતંત્રમાં નરમાઈ જોવા મળે છે. માંગ અને વપરાશમાં ઘટાડો વર્તાતાં નવાં મૂડીરોકાણો થતાં નથી.

3. મંદી : વ્યાપારચક્રના આ તબક્કામાં વ્યાપાર પ્રવૃત્તિ અધોગામી હોય છે. માંગ અને કિંમતો ઘટવાનું વલણ ધરાવે છે. તેથી નફો ઘટે છે. પરિણામે મૂડીરોકાણ અને રોજગારીમાં ઘટાડો વર્તાય છે અને અર્થતંત્રમાં માંગ સ્થગિત થઈ જાય છે. મંદીમાં લોકો પાસે ખરીદશક્તિ હોવા છતાં તેઓ ખરીદી કરતા નથી, પરિણામે માંગનો અભાવ થતાં મૂડીરોકાણ અને રોજગારીમાં મંદતા આવે છે.

4. સુધારણા : અર્થતંત્રમાં વ્યાપક નિરાશામાંથી આપમેળે ખરીદી તરફી વાતાવરણ સર્જાય છે. માંગ વધતાં નફો વધવાનું વલણ જોવા મળે છે. રોજગારી વધતાં લોકોની આવક વધે છે, પરિણામે ખર્ચમાં થતો વધારો માંગને અસરકારક બનાવી નફાકારકતા સર્જે છે. અર્થતંત્રમાં સર્જાતી આ સ્થિતિ અર્થતંત્રની સુધારણા તરફની ગતિનો નિર્દેશ કરે છે.